ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૧મીએ મળશે**

## આસોના મેઘ વરસ્યા સાંજ સવાર...

# ગરબા મેદાન બેટમાં ફેરવાયા

**દોઢ ઇંચ વરસાદથી શહેરમાં ચોમેર પાણી પાણી : ગરબા મેદાનમાંથી પાણી ઉલેચવા ફાઇટરના ઓન બોલાયા : શક્તિના ભક્તિ પર્વમાં વરસાદે મન મુકીને હેત વરસાવ્યુ : જનજીવન પ્રભાવિત**











**માતાજીના ચાંચર ચોકની સફાઇ માટે આયોજકોએ આખો દિવસ દોડધામ કરી : સેકટરોમાં પણ વરસાદી સમસ્યાએ અજગરી ભરડો લીધો : પાંચમા નોરતે કલ્ચરલ ફોરમમાં ગરબાની રંગત જામી : ખૈલેયાઓ મનમુકીને ગરબે ધુમ્યા**

ગાંધીનગર તા ૬

ઘોર અંધારી રે...રાતલડીમાં વરસ્યા સાંજ સવાર....આસો મહીનાની નવરાતમાં મોસમનો અષાઢી મિજાજ સૌ કોઇ માટે મુંઝવણરૂપ બન્યો છે. આકાશમાં અંગડાઇ લેતા વાદળો રોજ બરોજ પાણી વરસાવતા ગરબા પ્રેમીઓની આશ પર પાણીઢોળ થઈ જાય છે. પાંચમા નોરતે વરસાદી વાદળા વચ્ચે ખેલેયાઓ મનમુકીને ગરબે ધુમ્યા હતા. પરંતુ રાત્રિના ૧૨ વાગ્યે ગરબા મેદાનમાંથી જેવી ખૈલેયાઓએ એકિઝિટ લેતા વરસાદની એન્ટ્રી થઇ હતી. રાત્રિના વરસાદી ઝાપટા સાથે આજે સવારથી જ મુશળધાર વરસાદ થતા સેકટરોમાં ગરબા મેદાન બેટમાં ફેરવાઇ ગયેલા નજરે પડયા હતા. ગઇકાલ રાતથી આજે સાંજ સુધીમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. શહેરનુ જનજીવન પણ વરસાદથી પ્રભાવિત થયુ હતુ. સેકટરોની શેરીઓ અને કોમન પ્લોટમાં વરસાદી પાણી ફરિ વળ્યા હતા. નવરાત્રિ દરમિયાન વરસાદે રમઝટ બોલાવતા ગરબાના આયોજકો માટે ગરબા મેદાનમાંથી પાણી ઉલેચવાનુ કામ ચેલેન્જરૂપ બન્યુ હતુ. ગરબા મેદાનમાં કાદવ કીચ્ચડ સાથે વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. આખો દિવસ વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે વાદળિયુ વાતાવરણ રહેતા આયોજકો માટે મોટી મુંઝવણ સર્જાઇ હતી. પાણી અને ગારાથી લથબથ ગરબા મેદાનમાંથી પાણી ઉલેચવા ફાઈટર મંગાવાયા હતા. જયારે રૂમઝુમ વરસાદના અંતે ફાઈટરની હોટ ડીમાન્ડ હોવાથી ઓન બોલાયા હતા. દોઢ ઈંચ વરસાદના લીધે સે-૩,૪,૫,૬,૧૭,૨૨,૨૭, સહીતના સેકટરોમાં સ્થિત કોમન પ્લોટ બેટમાં ફેરવાયા હતા. સંસ્થાકીય ગરબા મહાત્સવની ઉજવણી માટે પણ વરસાદ મોટી આફત રૂપ બન્યો છે. ગરબા મેદાનમાં ચોમેર વરસાદી પાણી ભરાતા આખો દિવસ સ્વયં સેવકોની ટીમ પાણી ઉલેચવાના કામમાં લાગી ગઇ હતી.પાર્કીંગ વિસ્તારમાં પણ પાણી ભરાઇ જતા ગરબાના આયોજકો માટે મોટો શિરદર્દ ઉભો થયો હતો. આકાશમાંથી થતા વિજચમકારા અને વાદળ ગર્જનાના લીધે ખૈલેયાઓમાં પણ નિરાશા વ્યાપી છે. નવરાતના પ્રારંભથી વરસાદે કેડો ન મુકતા ગરબા થશે કે તેની અસમંજસ વચ્ચે ગરબા પ્રેમીઓ સતત મુંઝવણમાં જોવા મળી રહયા છે. મધ્યાંતરે પહોંચેલા નવરાત્રિ મહોત્સવમાં સતત વરસાદી સામ્રાજય યથાવત રહેતા ખેલેયાઓ અને આયોજકોનો ઉત્સાહ ઓસરી ગયો છે. કલ્ચરલ ફોરમમાં પાંચમા નોરતે વરસાદી વાયરામાં પણ ગરબાની રંગત જામી હતી. આજે દિવસ દરમિયાન સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઘેરાવો જોવા મળ્યો હતો.

## એસ ટી ડેપોમાં પીક પોકેટીંગ રોકવા ખુટતી જગ્યાએ કેમેરાની વોચ ગોઠવાશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકીના અભાવે તસ્કરોને ખુલ્લો દોર મળ્યો છે. રોજબરોજ ખિસ્સા કાતરૂઓ મુસાફરોને ભોગ બનાવી રહયા છે. જયારે સી સી ટી વી કેમેરાની વોચ પણ પર્યાપ્ત ન હોવાથી મુસાફરોની સુરક્ષા વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરી વિસ્તાર માટે નવા શરૂ કરાયેલા કન્ટ્રોલ પોઈન્ટ પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવા માટે ડેપો દ્વારા એસ ટી નિગમને દરખાસ્ત કરવામાં આવી છે. હજુ પણ એસ ટી ડેપોમાં અન્ય ઠેકાણે ૫ નવા કેમેરા લગાવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં જ વર્ષોના અંતે સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. મુસાફરો તસ્કરી વૃતિનો ભોગ બને છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. અગાઉ એસ ટી ડેપોમાં મુસાફરોની સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષી સી સી ટી વી કેમેરા લગાવાયા હતા. જયારે હાલમાં શહેરી વિસ્તારના કન્ટ્રોલ પોઈન્ટ પર કેમેરાની વોચ નથી. જયારે આ ઠેકાણે પીક પોકેટીંગના બનાવો વારંવાર ધ્યાને આવે છે. એસ ટી ડેપો સંકુલમાં હાલ ૧૦ જેટલા સી સી ટી વી કેમેરાની વોચ છે. જયારે શહેરી વિસ્તારની અલબત્ત અમદાવાદ અને સરખેજ રૂટની બસો જ્યાં થી ઉપડે છે. તેવા ઠેકાણે કેમેરાની વોચ નથી જેના લીધે તસ્કરી તત્વોને પણ ફાવતુ મળ્યુ છે. બીજીતરફ હમણાં જ ડેપો તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં નવો કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરવામાં આવ્યો છે. ત્યાં પણ કેમેરાની વ્યવસ્થા નથી. દાયકાઓના અંતે પણ ડેપોમાં પોલીસ ચોકી શરૂ થઇ શકી નથી. ત્યારે હવે સી સી ટી વી કેમેરાની વોચ પર્યાપ્ત કરવા માટે ડેપો તંત્ર દ્વારા નવા કેમેરા મુકવા માટે એસ ટી નિગમને દરખાસ્ત કરી દેવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ડેપો સંકુલમાં હજુ ૫ ઠેકાણે નવા કેમેરા મુકાશે જેમાં શહેરી વિસ્તારના નવા કન્ટ્રોલ પોઈન્ટને પણ આવરી લેવાશે.

**હાલ ડેપો સંકુલમાં ૧૦ ઠેકાણે કેમેરાની વોચ છે : શહેરના નવા કન્ટ્રોલ પાઇન્ટ પર કેમેરા ફીટ કરાશે**

## પંચાયતના સભ્યોએ પંચાયત પરિસરમાં સરકારની કિન્નાખોરી સામે ધરણાં યોજ્યા



ગાંધીનગર, તા. ૬

પંચાયત પ્રમુખો અને પંચાયતો સામે રાજકીય કિન્નાખોરી દાખવતી સરકારની નીતિ સામે આજે જિલ્લા પંચાયત સામે પંચાયતના પદાધિકારીઓએ ધરણા કર્યા હતા.

જિલ્લા પંચાયતના સરદાર હોલની બહાર પરિસરમાં પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્ય કામિની બા રાઠોડ, પંચાયત સેલના કન્વીનર અને પૂર્વ પંચાયત પ્રમુખ હરિભાઈ ચૌધરીની આગેવાનીમાં આ ધરણા યોજાયા હતા.

ધરણાના આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નીશીત વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધુળાજી ઠાકોર સહિતના અગ્રણીઓ જોડાયા હતા. ધરણા કરી રહેલા હરિભાઈ ચૌધરી અને રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ કે સરકાર સામે અમે ગાંધી રાહે આંદોલન શરૂ કર્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે પંચાયત પ્રમુખો તેમજ પંચાયતની સત્તાઓ પર કાપ મુકી અને સરકાર મનધડંત રીતે કાયદાઓનું અર્થઘટન કરી પંચાયતી રાજ વ્યવસ્થાને ગળે ટુંપો આપવાનું કામ કરી રહી છે જે અમે હરગીઝ સહન કરીશુ નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં રાજયકક્ષાના ધરણાં યોજવામાં આવશે. આ પછી પણ સરકાર જો કોઈ બદલાય તેની નીતિમાં નહિ લાવે તો કાનૂની રાહે લડત અમે આપીશુ. અગાઉ પણ અમે બે થી ત્રણ કાનૂની લડતોમાં વિજય પ્રાપ્ત કર્યો જ છે. આ બન્ને આગેવાનોએ જણાવ્યુ છે કે સરકાર સાથે અમે ખુલ્લા મને વાતો કરવા તૈયાર છીએ પણ સરકારનું મન ખુલ્લુ નથી અને તેથી આજે બપોરે આ ધરણા કરવા પડ્યા છે. જિલ્લા પંચાયતના ૨૦થી વધુ સભ્યો આજના આ ધરણામાં જોડાયા હતા. જિલ્લા પંચાયતના પરિસરમાં જ યોજાયેલા આ ધરણાના કાર્યક્રમે ભારે રાજકીય ઉત્તેજના પાટનગરમાં જગાવી હતી.

## અર્બન કો-ઓ. બેંકના ચેરમેન પદે પરસોત્તમભાઈ પટેલ

**વાઈસ ચેરમેનપદે પ્રહલાદભાઈ આઈ. પટેલ અને મેનેજીંગ ડીરેકટર તરીકે પ્રહલાદભાઈ એસ. પટેલ**



ગાંધીનગર, તા.૬

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.ની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગ તા. ૫-૧૦-૨૦૧૬ના રોજ ડિરેકટરશ્રી અશોકભાઈ સી. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં હોદ્દેદારોની ચુંટણી કરતા બેંકના ચેરમેન પદે શ્રી પરસોત્તમભાઈ એમ. પટેલ, વાઈસ ચેરમેન પદે શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ તથા મેનેજીંગ ડિરેકટર પદે શ્રી પ્રહલાદભાઈ એસ. પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી. નવ નિયુકત થયેલ પદાધિકારીએ સંચાલક મંડળના સહકારથી પારદર્શી વહીવટ દ્વારા બેંક સતત વિકાસ કરશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૧મીએ મળશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૨૧મી ઓક્ટો.ના રોજ મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે ૨૧મી ઓક્ટો.ના રોજ બપોરે ૩ કલાકે પંચાયતના સરદાર હોલમાં આ સામાન્ય સભા મળશે.

પંચાયતની આ સામાન્ય સભામાં રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી બે કામો સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ પંચાયત પ્રમુખે આપેલી મંજૂરીને બહાલી આપવા ઉપરાંત જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ જે તે નગરપાલિકા અને ગુડા-ઔડાને સુપ્રત કરવાનો નિર્ણય લેવામાં આવશે.

પંચાયતના વર્તુળો આ બેઠકને રૂટીન બેઠક લેખાવી રહ્યા છે. જો કે બન્ને પક્ષોએ આ સામાન્ય સભા માટેની તૈયારીઓ ધીમી ગતિએ આરંભી દીધી છે.

દિપાવલીના પર્વ પહેલાં મળનારી આ સામાન્ય સભામાં સભ્યો દ્વારા પ્રશ્નોત્તરી રજુ થવાની હોવાથી સભ્યોએ તે દિશામાં તૈયારીઓ આરંભી છે. પંચાયત દ્વારા આ અંગેનો વિધિવત્ એજન્ડા પણ જારી કરી દેવામાં આવ્યો છે.

જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીના પરિણામો પછી તુરત જ આ બેઠક મળનાર હોવાથી રાજકીય રીતે પણ તેનુ મહત્વ વધુ હોવાનું પંચાયતના સૂત્રો કહી રહ્યા છે. આ બેઠકમાં પંચાયતની વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને પણ બહાલી માટે રજુ કરવામાં આવનાર છે.

### મતદાર યાદી સુધારણા-૨૦૧૭

**તા. ૧૬-૧૦-૨૦૧૬, રવિવારના રોજ ખાસ ઝુંબેશ**

તા. ૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખે મતદારયાદીની સુધારણાના કાર્યક્રમ અન્વયે અગાઉ તા. ૯-૧૦-૨૦૧૬, રવિવારના રોજ ખાસ ઝુંબેશનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો તે હવે તા. ૧૬-૧૦-૨૦૧૬ના રોજ રાખવામાં આવેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

-----------------

તા. ૧૬-૧૦-૨૦૧૬, રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન તમામ વિસ્તારના મતદાન મથકોએ મતદારયાદીમાં નામ નોંધાવવા, કમી કરવા કે વિગતો સુધારવા માટેના ફોર્મ આપ મેળવી શકશો અને ભરેલ ફોર્મ તે જ સ્થળે પરત કરી શકશો.

માહિતી/૧૭૧૭/૧૬-૧૭ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

### ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



એ અજબનો માણસ હતો, એ ગજબનો માણસ હતો
એ કર્મનો માણસ હતો, એ મર્મનો માણસ હતો
એ કુટુંબનો હતો, એ મિત્રનો હતો
એ સમાજનો હતો, એ કોનો ન હતો ?
એ બધાનો હતો, પણ બધાથી જુદો,
એક મૂઠ્ઠી ઊંચેરો માણસ હતો એ !

**હાર્દિક શ્રદ્ધાંજલી**

સ્વ. કિશોરભાઈ લાલજીભાઈ નંદા (ચક્ષુદાતા)
સ્વર્ગવાસ તા. ૭-૧૦-૨૦૧૨

જયશ્રીબેન કિશોરભાઈ નંદા (પત્ની)
જયવદન કિશોરભાઈ નંદા (પુત્ર) ફાલ્ગુન કિશોરભાઈ નંદા (પુત્ર)
પ્લોટ નં. ૩૯૯/૨, સેક્ટર-૨ બી, ગાંધીનગર. મો. ૯૦૩૩૩ ૯૯૦૫૧


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ



નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com